# વણઝારા સમાજનું નવા વર્ષ નિમિત્તે સ્નેહમિલન ધામધૂમથી યોજાયું

વણજારા સમાજનું સ્નેહમિલન રવિવારે ગાંધીનગર ખાતે ધામધૂમથી યોજાયું હતું. પ્રદેશ પ્રમુક નારાજી વણઝારા એ રાષ્ટ્રીય અધ્યક્ષ, કે.જી.



વણઝારાના અધ્યક્ષસ્થાને દિપ પ્રાગટ્ય કરી શુભારંભ કરાવ્યો હતો. સમાજના પ્રવક્તા પ્રો. ગોરધનભાઈ વણઝારા, પૂર્વ. ડી.આઈ.જી., ડી.જી. વણઝારા, ખાદી નિગમ ચેરમેન, વિજય વણઝારા, એડવોકેટ એન.પી. ચૌહાણ, આરોગ્ય ઉપ સચિવ વનરાજ વનઝારાની ઉપસ્થિતિમાં નવા વર્ષની શુભ શરુઆત કરી પ્રદેશ મહામંત્રી મગનજી વણઝારાએ ફુલહારથી સ્વાગત કર્યુ હતું.

રાષ્ટ્રીય અધ્યક્ષ કે.જી. વણઝારાએ તાલુકા અને જિલ્લામાંથી મોટી સંખ્યામાં સમાજના આગેવાનો, હોદ્દેદારોને શુભેચ્છા પાઠવતા સ્નેહમિલનમાં સમાજની એકતા, શિક્ષણ અને સદ્ધરતા લાવવા અનામત કે જાતિવાદ કરતા માનવતાવાદી જીવન જીવવાની રાહ ચિંધી રાજય, દેશ કે દુનિયામાં વણઝારા સમાજને કાબુલ અને અફઘાનિસ્તાનની જેમ એકતા ભાઈચારાથી સહયોગી બની પ્રસિદ્ધિ પ્રાપ્ત કરવા જણાવ્યું હતું. જયારે પૂર્વ આઈ.પી. એસ. ડી.જી. વણઝારાએ સમાજમાં નિરક્ષરતા



દૂર કરવા વ્યસનમુક્ત બનવા તેમજ ગાંધીનગર ખાતે સમાજવાડી બનાવવા અને બીજી જ્ઞાતિઓની જેમ સમુહલગ્ન કરવા ભાઈચારા એકતાના પ્રતિક સ્વરુપે સમાજમાં ક્રાંતિ લાવવા કાર્યકર્તાને આહ્વાન કરાયું હતું. સ્નેહ મિલનના પ્રસંગે સમાજના નવા હોદ્દેદારોને પ્રમાણપત્રો આપી તલવારબાજીથી મારવાડી નૃત્યોથી આગેવાનોએ સન્માનાયા હતા અને સમગ્ર હોદ્દેદારોએ નૃત્યો કરી હાજર લોકોને સમાજમાં વ્યતિચારિક પુસ્તકોનું વિમોચન ખરીદવા આહવાન કરાયું હતું. આ પ્રસંગે બદાજી વણઝારા, નારણ રાઠોડ, દશરથભાઈ પત્રકાર, નંગાજી વણઝારા, હિંમતભાઈ વણઝારા, રણજીતભાઈ વણજારા જેવા અનેક આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહી ધામધૂમથી સ્નેહમિલન યોજાયો હતો.

# કાંકરેજ વિધાનસભા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર તરીકે અણદાભાઈ પટેલ પ્રબળ દાવેદાર

પાલનપુર, તા. ૫

બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ વિધાનસભા વિસ્તારમાં ભારતીય જનતા પાર્ટીના અદના કાર્યકર તરીકે છેલ્લા ૩૭ વર્ષથી અવિરત કાર્યરત એવા સહકારી અને સદાય લોકોના હૃદયમાં રહેતા અણદાભાઈ પટેલ આગામી વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના કાંકરેજ વિધાનસભા ક્ષેત્રના ઉમેદવાર બને તેવી પ્રબળ ઈચ્છા કાંકરેજ તેમજ સમગ્ર બનાસકાંઠાની જનતા અને ભારતીય જનતા પાર્ટીના નિષ્ઠાવાન કાર્યકર્તાઓ અને મતદારો ઈચ્છી રહ્યા છે.



કાંકરેજ ક્ષેત્રમાં તમામ જ્ઞાતિઓ સાથે સંકલન સાધીને તેમના સુખઃદુખઃમાં ભાગીદાર બનતા અણદાભાઈ પટેલ બિન વિવાદાસ્પદ તેમજ સ્પષ્ટ ચહેરા તરીકે આ વિસ્તારમાં કાર્યરત છે. ભાજપની નેતાગીરી આ વિસ્તારમાં દર વિધાનસભાની ચૂંટણીમાં માત્રને માત્ર દરબાર સમાજને ધ્યાનમાં રાખીને ટીકીટ ફાળવે છે. પરંતુ જનતા પરીણામ આપતી નથી. એવા સંજોગોમાં આ વખતે સર્વમાન્ય બિન વિવાદાસ્પદ, નિષ્ઠાવાન આગેવાન તરીકે અણદાભાઈ પટેલને આ વખતે ભારતીય જનતા પાર્ટીએ ઉમેદવાર બનાવવા જોઈએ તેવી પ્રબળ માંગ ભાજપના પ્રદેશ નેતૃત્વ સમક્ષ આ વિસ્તારના કાર્યકર્તાઓ કરી રહ્યા છે.

# વાવમાં આ વખતે પણ ભાજપનો ભગવો લહેરાવશે : શંકરભાઈ ચૌધરી

બનાસકાંઠા,

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનું કાઉન્ટ ડાઉન શરૂ થયુંછે ત્યારે બનાસકાંઠા જિલ્લાનું રાજકારણ પણ ગરમાયુંછે. વિધાનસભાની ટીકીટોની ફાળવણીની અટકળોમાં સમગ્ર જિલ્લો અનુમાનો લગાવી રહયો છે તે સંજોગોમાં જિલ્લાની સરહદી વાવ બેઠક પર પુનઃ ભાજપનો ભગવો લહેરાવવામાં શંકરભાઈ ચૌધરી સફળ થશે તેવા એંધાણ અત્યારથી જ વર્તાઈ રહયા છે.

જિલ્લાની તમામ બેઠકોમાં વિકાસનાં કામોમાં અગ્રેસર વાવ વિધાનસભાના વાવ, સુઈગામ અને ભાભર વિસ્તારમાં થયેલા વિકાસકામોએ આ વિસ્તારને વિકાસશીલ વિસ્તાર તરીકે આગવી ઓળખ આપી છે. વાવ વિધાનસભા ૧ોત્રમાંથી ધારાસભ્ય બન્યા બાદ રાજય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા શહેરી વિકાસના મંત્રી બનેલા શંકરભાઈએ સંઘ વિચારો સાથે સંગઠન, સહકાર અને સરકારના કર્મઠ કાર્યકર તરીકે બનાસકાંઠામાંજ નહી પણ ગુજરાતમાં પોતાની આગવી ઓળખ ઉભી કરી છે. પ્રજા સાથે ઘરોબો અને લોકસંપર્ક જાળવી રાખીને સમગ્ર વિસ્તારને વિકાસના નિત નવા કામોની ભેટ ધરી છે.



વાવ તાલુકામાં વિકાસ કામો પર એક નજર નાખીયે તો વાવમાં આઈ.ટી.આઈ.નું મકાન, વિનીયન કોલેજ, મોડેલ સ્કુલ, દિકરીઓ માટે હોસ્ટેલ, જેવી શૈ૧ાણીક સુવિધાઓ ઉભી કરી છે, તેજ પ્રમાણે કોર્ટનું નવું બિલ્ડીંગ, નવા પી.એચ.સી. અને સી.એચ.પી. ઉભાં કરીને આરોગ્ય વિષયક સેવાઓ પણ પુરતાં પ્રમાણમાં ઉભી કરી છે, રોજગારી૧ોત્રે પણ તાજેતરમાંજ રાધાનેસડા ગામે ૭૦૦ મેગા વોટનો સોલારપાર્ક અપાવીને હજારો યુવાનોને રોજગારી મળશે તેવો આશાવાદ જગાડયો છે.

સુઈગામ તાલુકાની વાત કરીએ તો સુઈગામને નવિન તાલુકાનો દરજજો અપાવીને તેને પ્રાંતનો દરજજો પણ મળ્યો. ૧૦ કરોડના ખર્ચે બનેલા સેવા સદનનું ખાતમુહુર્ત પણ કર્યુ અને લોકાંપણ પણ કર્યુ. સુઈગામને કોલેજ, મોડેલ સ્કુલ, કસ્તુરબા ગાંધી વિધાલય, જેલાણા અને કુંભારખા ગામે સરકારી સ્કુલો અને તાલુકાને વિજ્ઞાન પ્રવાહ અપાવીને શૈ૧ાણીક૧ોત્રે પણ આ સરહદી તાલુકાને વિશેષ સગવડો મળી, વિધુતબોર્ડની અલગ ઓફીસ તેમજ તાલુકાના ૭૦% ગામોમાં નર્મદાના નીર પહોંચાડયા અને બાકીના ગામો પણ છ માસમાં પૂર્ણ થઈ જનાર છે. આરોગ્ય૧ોત્રે નવીન પી.એચ.સી. સાથે લિંબાળા, ઉચોસણ, ભરડવા અને મોરવાડા ગામોએ પણ નવા પી.એચ.સી. મંજુર થયા. નવીન કોર્ટ, નવીન માર્કેટીગ યાર્ડ, નવીન તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ સાથે સુઈગામ ખાતે નવીન સી.એચ.સી.નું મકાન પણ ૩.૫૦ કરોડના ખર્ચે બન્યું.

# બાલીસણા ખાતે સર્જન ફાઉન્ડેશન આયોજિત નિઃશુલ્ક નેત્રયજ્ઞ કેમ્પ યોજાયો

## ૭૬૫ દર્દીઓએ લાભ લીધો : ૫૪૦ દર્દીઓને નંબરના ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું : ૬૯ દર્દીઓનું વિનામુલ્યે ઓપરેશન સંસ્થા દ્વારા કરી આપવામાં આવશે





પ્રાંતિજ, તા.૫

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના બાલીસણા ખાતે સર્જન ફાઉન્ડેશન અમદાવાદ આયોજીત નિઃશુલ્ક નેત્રયજ્ઞ કેમ્પ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં બાલીસણા સહિત આજુબાજુના ગ્રામજનોએ લાભ લીધો હતો. બાલીસણા ખાતે સર્જન ફાઉન્ડેશન અમદાવાદ આયોજીત નેત્રનિદાન કેમ્પ યોજાયો હતો. જેમા બાલીસણા ગામ સહિત આજુબાજુના ગ્રામજનોએ લાભ લીધો હતો. જેમાં ઉપસ્થિત ડાંકટરો દ્વારા ૭૬૫ દર્દીઓની તપાસ કરવામાં આવી હતી અને ૫૪૦ દર્દીઓને નંબરના ચશ્માંનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. તો ૬૯ દર્દીઓનું વિનામુલ્યે ઓપરેશન સંસ્થા દ્વારા કરી આપવામાં આવશે તો સમગ્ર કેમ્પનું સફળ સંચાલન અશોકભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું .

# શામળાજી ખાતે પોલીસ ૧૮ કલાકમાં ત્રણ કારમાંથી ૨.૭ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો

શામળાજી, તા.૫

શામળાજી પોલીસે ૧૮ કલાકમાં ૩ કારમાંથી ૨.૦૭ લાખનો વિદેશી દારૂ ઝડપ્યોઃ દારૂની



હેરાફેરીમાં પાયલોટિંગ કરતી બાઈક જપ્ત કર્યો હતો.

આ ઉપરાંત ૪ શખ્શની ધરપકડ પણ કરવામાં આવી હતી. અરવલ્લી જિલ્લાના રતનપુર ચેકપોસ્ટ પરથી ગુજરાતમાં કરોડો રૂપિયાનો વિદેશી દારૂ ઘુસાડવા માટે આંતરરાજય અને રાજયના બુટલેગરો સતત નીતનવા નુસ્ખા અપનાવી કરોડો રૂપિયાનો વિદેશી દારૂ ઘુસાડી ગુજરાતની દારૂબંધીનો ફાયદો ઉઠાવી કરોડો રૂપિયા ઉલેચી રહ્યા છે.

આગામી ડિસેમ્બર મહિનામાં યોજાનાર વિધાસભાની ચૂંટણીને અનુલક્ષીને અરવલ્લી જિલ્લા પોલીસે તમામ અંતર રાજય સરહદો પર સઘન પેટ્રોલિંગ હાથધરાતા દરરોજ લાખ્ખો રૂપિયાનો વિદેશી દારૂ ઝડપાઈ રહ્યો છે શામળાજી પોલીસે ટાટા ઈન્ડિગો કારમાંથી ૧.૪ લાખ અને વેગનોર કારમાંથી અને ટાટા ઈન્ડિકા કારમાંથી ૩૬ હજારનો વિદેશી દારૂ ઝડપી પાડી ૩ શખ્શોને ઝડપી પડ્યા હતા.

# મરડીયા નજીક ટ્રક કન્ટેનર પલટી જતા ચાલક સહિત બે ઘાયલ

મોડાસા, તા.૫

અરવલ્લી જિલ્લામાં ગત રાત્રે મોડાસા શામળાજી હાઈવે ઉપર ટ્રક કન્ટેનર પલટી જતાં સર્જાયેલ અકસ્માતમાં ચાલક તેમજ ખલાસીના શરીરે ઈજાઓ થતા સારવાર અર્થે મોડાસા દવાખાને ખસેડવામાં આવ્યા હતા.

સફેદ રંગના પાવડર ભરેલી થેલીઓ લઈ મોડાસાથી શામળાજી રોડ ઉપરથી ગત રાતના પસાર થઈ રહેલી ટ્રક કન્ટેનર એકાએક મરડીયા બસ સ્ટેન્ડ નજીક પલટી ખાઈ ગયું હતું. જેને કારણે આખીય ટ્રક શીર્ષાસન જેવી અદ્દલ સ્થિતિમાં હાઈવે ઉપર ફંગોળાઈ પડતાં તેમાં ભરેલી બેગો વેરણછેરણ હાલતમાં હાઈવે ઉપર પડી જતા નુકસાન થયું હતુ.

જ્યારે આ ટ્રકના ચાલક તેમજ ક્લીનરને શરીરે ઈજાઓ થતા સારવાર અર્થે ખસેડાયા હતા. ચાર



માર્ગી રોડની એક બાજુ આખી ટ્રકે રોકી લેતા બીજી સાઈડે રોન્ગ સાઈડે વાહનો હંકારવા પડ્યા હતા. અલબત્ત બનાવની જાણ થતાં રૂરલ પોસઇ મેહુલ ચૌહાણે પોલીસને મોકલીને રાત્રીના આ અકસ્માતમાં વચ્ચે જ પડેલા ટ્રકથી બીજો અકસ્માત ન સર્જાય તેની તકેદારી રાખવા સાથે અકસ્માતગ્રસ્ત ટ્રકને હટાવવામાં આવતા આજે સવારથી રુકાવટ દૂર થતાં હાઈવે પરનો વાહનવ્યવહાર પુનઃ પૂર્વવત ચાલુ થઈ ગયો હતો.

## ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા અર્પણ સંસ્થા, દહેગામના સહયોગથી

# દહેગામમાં યોજાઈ રાજ્યકક્ષાની દ્વિઅંકી નાટ્યસ્પર્ધા







ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા અર્પણ સંસ્થા, દહેગામના સહયોગથી દ્વિઅંકી નાટ્ય સ્પર્ધા દહેગામ ખાતે યોજવામાં આવી હતી. દહેગામ કૉલેજ નાટ્યગૃહમાં કુલ આઠ નાટકોની રજૂઆત આ કાર્યક્રમ અંતર્ગત કરવામાં આવી હતી. આવો, આ નાટકોનો રસાસ્વાદ માણીએ.

### પગલા ઘોડા

ગાંધીનગરના નાટ્યકાર અખ્તર સૈયદે ખ્યાત નાટ્યકાર 'બાદલ સરકાર'નું સદીનું શ્રેષ્ઠ નાટક 'પગલા ઘોડા' રજૂ કર્યું હતું. તેમણે યુવા કલાકારો લઈ, સિમ્બોલિક સેટ અને જરૂરી લાઈટીંગથી આ નાટક રજૂ કરવાનો પ્રયાસ કર્યો હતો. પીઢ અદાકાર અને દિગ્દર્શક એવા અખ્તર સૈયદ નાટકના સંવાદોને રંગમંચથી પ્રેક્ષકો સુધી પહોંચાડવામાં પુરેપુરા સફળ ના નીવડ્યા એનો એક પ્રેક્ષક તરીકે મને રંજ જરૂર થયો. ભાઈશ્રી અખ્તર સૈયદના આટલા બહોળા અનુભવ પછી અમારા સૌની અપેક્ષા મુજબની રજૂઆત ના થઈ. અખ્તર સૈયદ સ્ટાઈલિશ કાઠિયાવાડી શૈલીમાં સંવાદો બોલતા, અનુભવે આવેલ સુંદર ફૂટવર્ક ને સંવાદો, એમના સુધી જ સીમિત રહ્યાં. નાટકના કથાનકમાં આવતાં તમામ પાત્રોમાં વિશ્વા રાવલનું પાત્ર વિવિધ રંગોની છાપ પ્રેક્ષકો ઉપર છોડીને નાટકને જીવાડવામાં સફળ રહ્યું. સાથે સાથે એક સક્ષમ યુવાન કલાકાર તરીકે ગાંધીનગરમાં પંકાતા દિવ્યકાન્ત વર્માએ ધનજીના પાત્રમાં પ્રાણ પૂરી નિર્ણાયકોને પ્રભાવિત જરૂર કર્યા. 'પગલા ઘોડા' નાટ્યકૃતિમાં 'બાદલ સરકાર'ની શૈલીને સ્ટેજ ઉપર અનુભવી દિગ્દર્શક કલાકાર અખ્તર સૈયદ પૂરતો ન્યાય ન આપી શક્યા એમ નિર્ણાયકોને જરૂર લાગ્યું.

### આને કોઈ લઈ જાવ

નેમ આર્ટ્સના બૅનર તળે રાજકોટના મનીષ પારેખે કૉમેડી નાટક 'આને કોઈ લઈ જાવ' પ્રસ્તુત કર્યું હતું. આ નાટક પ્રેક્ષકો, નિર્ણાયકોને પ્રભાવિત કરવામાં નિષ્ફળ નીવડ્યું. અંતરાત્માનો અવાજ અને રજૂઆત વિચાર ગમે એવો હતો, પરંતુ લાઈટીંગ, કંપોઝીશન, પાત્રવરણી વગેરે 'આને કોઈ લઈ જાવ'ના હાર્દને પ્રેક્ષક સુધી પહોંચાડી ના શક્યું.

### એક હતી તમન્ના

તમન્ના સાંસ્કૃતિક સોસાયટીના બૅનર તળે ગૌરવ દિનેશચંદ્ર પંડ્યા, જામનગરનું 'એક હતી તમન્ના' યુવાન હૈયાઓની લાગણી અને દિશાને છતી કરી ગયું. નાટકની કથા વસ્તુ અને વિચાર નવો જરૂર કહી શકાય. પરંતુ પ્રસ્તુતિમાં કંપોઝીશન્સ અને પાત્રવરણી દશ્યો સાથે મેળ બેસાડી શકી નહીં. નાદુરસ્ત તબિયત અને વિષમ સંજોગોનો સામનો કરી ગૌરવ પંડ્યા અને મિસિસ પંડ્યાને શો મસ્ટ ગો ઑનના સ્પિરિટ માટે અભિનંદન ચોક્કસ આપી શકાય. લેખકની મનોવ્યથા અને પ્રિયતમાની તમન્નાને ગૌરવ પંડ્યાએ ડેન્ગ્યુનો સામનો કરીને તખ્તા ઉપર અભિનય તો કર્યો પરંતુ ડોલરીયા દેશની લાલચ, ખેંચાણ ધરાવતી પ્રેયસીના પાત્રમાં મિસિસ પંડ્યા ક્યાંક ક્યાંક પ્રેક્ષકો પર છવાઈ ગયાં. પુસ્તકના વિમોચનનો પ્રસંગ અને પ્રશ્નોત્તરી આવકારદાયક હતાં.

### જન્મદાતા

મુદ્રા વિઝનના બૅનર તળે લલિત જોષી, જામનગર દ્વારા જન્મદાતા નાટક રજૂ થયું. કુટુંબના મોભી સંતાનોને અવગણી પોતાની મહત્ત્વાકાંક્ષા અને ખોટા સિદ્ધાંતોમાં રાચતા દંભી પિતાના કથાનક ઉપર રજૂ થયેલ નાટક જન્મદાતા લેખકની સુંદર કૃતિને તમામ સ્તરે અસફળ બનાવવામાં સફળ રહ્યું. બંને દીકરીઓ અને માનું પાત્ર પ્રેક્ષકોનાં હૃદયના તારને સ્પર્શી ગયું ને ક્યાંક ક્યાંક સ્વમાની પુત્રની વ્યથા પણ સ્ટેજ પર છતી થઈ એ સ્વીકારવું પડે.

### જીવવું તો જલસાથી

બી આર પ્રૉડક્શનના બૅનર તળે રણધીરસિંહ દિગ્દર્શિત કૉમેડી નાટક 'જીવવું તો જલસાથી' પ્રેક્ષકોને પેટ પકડીને હસાવવામાં ૧૦૦ ટકા સફળ રહ્યું. સુરતના કૉમેડીકિંગ રણધીરસિંહ અને તેમનાં સાથી કલાકાર માયા-રીચા શાહે તો સતત પ્રેક્ષકોની તાળીઓના ગડગડાટ અને હાસ્યની નિર્દોષ છોળો ઉડાડી સૌને પ્રફુલ્લિત કરી દીધા. અનેક પ્રસંગોએ હાસ્યનું હુલ્લડ સ્ટેજ ઉપરથી સ્ટેજ ઉપરથી પ્રેક્ષકગણ ઉપર વારંવાર છવાઈ ગયું. હા, બીજો અંક ક્યાંક ઝોલાં ખાઈ ગયો ને બે સીનમાં નાટકે એની પકડ પણ ગુમાવી દીધી, જેના કારણે નાટકને ત્રીજો નંબર મળ્યો.

### બુલેટપ્રૂફ

અસ્તિત્વ, સુરતના બૅનર તળે વિતરાગ મુકેશ શાહ દ્વારા બુલેટપ્રૂફ નામે સસ્પેન્સ નાટક રજૂ થયું હતું. નાટની જમાવટ કરતો સીન પ્રેક્ષકોએ તાળીઓના ગડગડાટથી વધાવ્યો. પહાડી પર ભજવાયેલ ખૂની ખેલનું દશ્ય અને સૅટની રચના અસરકારક રહી, જેને શ્રેષ્ઠ દશ્યનું ઈનામ પ્રાપ્ત થયું. એકંદરે બુલેટપ્રૂફ પ્રેક્ષકોની પ્રશંસા મેળવવામાં તેમજ રહસ્યોનાં તાણાવાણાને રસપ્રદ બનાવવામાં નિષ્ફળ થયું ને એચ કે મલ્હોત્રા-મિસિસ મલ્હોત્રાની માણવાલાયક અદાકારી છતાં હરિફાઈમાં પાછળ રહી ગયું.

### મસ્તરામ

પ્રવીણ પાનપાટીલ, પી પી એન્ડ ગૃપ, સુરત તરફથી સ્વ. જ્યોતિ વૈદ્ય લિખિત નાટક 'મસ્તરામ' રજૂ થયું, જેનાં તમામ પાસાઓ સુંદર હતાં. આપણી જીવનશૈલી અને સાંપ્રત સમાજનું દર્પણ દર્શાવતું આ એક ઉત્તમ નાટક છે. અભ્યંકરના પાત્રમાં પ્રવીણ પાનપાટીલ મેદાન મારી જાય છે. તે પ્રેક્ષકોને પેટ પકડીને હસાવે છે તો ક્યારેક વિચારોમાં ગરકાવ કરી દે છે. ડૉ. નાગરાજ અને પરિતોષના સંવાદ અને પ્રસંગ હૃદયસ્પર્શી બને છે. દીકરી મંજરી દિવાનના પાત્રમાં પૂજા રૂમાલ અને હેલીના પાત્રમાં વિશ્વા જરીવાલા નાટકના દરેક પ્રસંગને જીવંત બનાવે છે.

### અનન્યા

ફોરમ આર્ટ્સ, સુરતના બૅનર તળે અલકા મુકેશ દેસાઈ દ્વારા એક અકલ્પનીય કૃતિ રજૂ કરાઈ હતી, જેનું નામ હતું અનન્યા. ગુજરાતના શ્રેષ્ઠ નાટ્યલેખકોમાં જેમનું નામ લેવાય છે એવા વિલોપન દેસાઈની કલમે લખાયેલ આ નાટકમાં આજના યુગમાં પિતા-પુત્રના પ્રેમ અનો લાગણીના સંબંધોને દર્શાવવામાં આવ્યા હતા. આ નાટકને રંગમંચ ઉપર ભજવાતું જોઈને તમામ પ્રેક્ષકો આફરિન પોકારી ઊઠ્યા હતા. યુવા દિગ્દર્શક વૈભવ દેસાઈ છેલ્લા કેટલાક સમયથી રંગમંચને ગૌરવ બક્ષે એવાં નાટકો આપીને કલાકારોના માનીતા બન્યા છે, તેમણે આ નાટકમાં વહાલસોયા પિતાની મુખ્ય ભૂમિકાને સુંદર રીતે નિભાવી છે ને દિગ્દર્શકની ભૂમિકાને પણ ચાર ચાંદ લગાવી દીધા છે. વળી, નાની-મોટી એમ બંને અનન્યા-દેવશ્રી પંચાલ, ખ્યાતિ દલાલને ૧૦૦ ટકા સલામ કરવી જ પડે. લેખક-દિગ્દર્શકની જોડીએ દરેક દશ્યમાં પોતાની કમાલ દેખાડી હતી. એક નવી જ કથાવસ્તુને ખૂબ સરળ રીતે પોતાની દિગ્દર્શન કલા વડે પ્રેક્ષકો સમક્ષ સફળતાથી રજૂ કરીને વૈભવે નવો ઈતિહાસ સર્જ્યો છે એમાં બે મત નથી, જે માટે અનન્યા અને સમગ્ર ટીમને દિલથી અભિનંદન.

- પ્રફુલ્લ ભાવસાર